
ઈશ્વરી મદદ
સંપાદક : વાટસન ગૂડમેન
વિના મૂલ્ય : વેચવાની નથી

# ઈશ્વરી મદદ

ઈશ્વરનું વચન ઈશ્વર તરફથી આવે છે, અને ન્યાયપણાને માટે ભૂખ્યાં અને તરસ્યાં હૃદયોને માટે તે બહુ મદદકર્તા છે. જ્યારે કોઈ માણસ પશ્ચાત્તાપ કરે છે અને પાપને તજી દે છે, ત્યારે તે પ્રભુ ઈસુ ખ્રિસ્તને પોતાના પૂરા હૃદયથી તેના તારનાર તરીકે માને છે અને પ્રભુ તેની આગળ તેનું પ્રકટીકરણ કરે છે અને વિશ્વાસ કરનારના હૃદયને તેનો પોતાનો આનંદ અને શાંતિ બક્ષે છે. ઈ. સ. ૧૯૩૭માં મને પોતાને આ અનુભવ થયો અને ત્યાર પછીના ત્રણ વર્ષ દરમિયાન પ્રભુ સાથેની મારી અજાયબ જેવી સંગત અતૂટ રહી છે. આજ સુધી જો તમે તમારું સ્વાર્પણ કર્યું ન હોય તો હું તમને હઠેકથી કહું કે તમે **હમણાં જ** તેને પોતાને સોંપી દો

વોટસન ગૂડમેન

All scriptures are taken from the Gujarati Bible with permission from the Bible Society of India.

કેમકે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારૂ કે જે કોઈ  તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે. -યોહાન ૩:૧૬

તથા ઈસુ ખ્રિસ્ત જે વિશ્વાસુ શાહેદ, અને મૂએલાંમાંથી પ્રથમજનિત, અને પૃથ્વીના રાજાઓના અધિપતિ છે તેના તરફથી, તમારા પર કૃપા તથા શાંતિ હોજો. જેણે આપણા પર પ્રેમ રાખ્યો; અને પોતાના રક્ત વડે આપણને આપણાં પાપથી મુક્ત કર્યા. -પ્રકટીકરણ ૧:૫.

બેશક સતધર્મનો મર્મ મોટો છે; તે મનુષ્ય સ્વરૂપમાં પ્રગટ થયો, આત્મામાં ન્યાયી ઠરાવાયો, દૂતોના દીઠામાં આવ્યો, તેની વાત વિદેશીઓમાં પ્રગટ થઈ, તેના પર જગતમાં વિશ્વાસ કરવામાં આવ્યો, અને તેને મહિમામાં ઉપર લેવામાં આવ્યો. - ૧ તીમોથી ૩:૧૬

હવે એ બધુ એ માટે થયું, કે પ્રભુએ પ્રબોધકની મારફતે જે કહાવ્યું હતું તે પૂરું થાય એટલે, જુઓ, કુમારી ગર્ભવતી થશે, ને તેને દીકરો થશે, ને તેનું નામ તેઓ ઈમાનુએલ પાડશે, જેનો અર્થ એ છે, કે દેવ આપણી સાથે. - માત્થી ૧:૨૨, ૨૩

# ઈસુ ઈશ્વરનો પુત્ર

ઈસુ દેવનો પુત્ર છે એવું જે કોઈ કબૂલ કરે છે, તેનામાં દેવ રહે છે તથા તે દેવમાં [રહે છે]. – ૧ યોહાન ૪:૧૫

કેમ કે [ખ્રિસ્ત]માં દેવત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે. – કોલોસી ૨ :૯

કેમકે આપણે સારું છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે; તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે; અને તેને અદ્દ્ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, ને શાંતિનો સરદાર, એ નામ આપવામાં આવશે. –યશાયાહ ૯:૬

# ઈસુ પોતે કોણ છે તે આપણને તે કહે છે

તેથી ઈસુએ ફરીથી તેઓને કહ્યું કે, હું તમને ખચીત ખચીત કહું છું, કે ઘેટાંનું બારણું હું છું. -યોહાન ૧૦:૭

ઈસુએ તેને કહ્યું કે, પુનરુત્થાન તથા જીવન હું છું: જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તો પણ જીવતો થશે. -યોહાન ૧૧:૨૫

ઈસુએ તેઓને કહ્યું, કે જીવનની રોટલી હું છું; જે મારી પાસે આવે છે તેને ભૂખ નહિ જ લાગશે, અને જે મારા પર વિશ્વાસ કરે છે, તેને કદી તરસ નહિ જ લાગશે. -યોહાન ૬:૩૫

બોધ કરી રહ્યા પછી તેણે સિમોનને કહ્યું કે, ઊંડા પાણીમાં હંકારીને [માછલાં] પકડવા સારૂ તમારી જાળો નાખો. સિમોને તેને ઉત્તર આપ્યો કે, સ્વામી, અમે આખી રાત મહેનત કરી, પણ કશું પકડયું નહિઃ તોપણ તારા કહ્યાથી હું જાળો નાખીશ, એમ કર્યા પછી તેઓએ માછલાંનો મોટો જથ્થો ઘેરી લીધો, એટલે સુધી કે તેઓની જાળ ફાટવા લાગી. -લુક ૫ઃ૪-૬

અને જુઓ, બે આંધળા રસ્તાની કોરે બેઠેલા હતા, અને ઈસુ પાસે થઈને જાય છે તે સાંભળીને તેઓએ બૂમ પાડી, કે ઓ પ્રભુ, દાઉદના દીકરા, અમારા પર દયા કર, ત્યારે ઈસુને દયા આવી, ને તેઓની આંખોને અડકયો ને તરત તેઓ દેખતા થયા; અને તેઓ તેની પાછળ ચાલ્યા. -માત્થી ૨ ઃ૩૦,૩૪

# ઈસુ ખ્રિસ્ત ઉત્પન્નકર્તા અને પ્રભુ છે.

કેમકે તેનાથી બધાં ઉત્પન્ન થયાં, જે આકાશમાં છે તથા જે પૃથ્વી પર છે, જે દૃશ્ય તથા અદૃશ્ય છે, રાજ્યાસનો કે રાજ્યો કે અધિપતિઓ કે અધિકારીઓ સર્વે તેની મારફતે તથા તેને સારુ ઉત્પન્ન થયા.

- કોલોસી ૧ :૧૬

તેનાથી સઘળું ઉત્પન્ન થયું; એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ.

- યોહાન ૧ :૩

એ માટે ઈસ્રાએલના તમામ લોકોએ નિશ્ચે જાણવું કે જે ઈસુને તમે વધસ્તંભ પર મારી નાંખ્યો, તેને દેવે પ્રભુ તથા ખ્રિસ્ત બનાવ્યો છે.

- પ્રેરિતોના કૃત્યો ૨ :૩૬

# ઈસુ ખ્રિસ્ત સર્વનો ન્યાયાધીશ છે.

તેણે અમને આજ્ઞા આપી કે લોકોને ઉપદેશ કરો, અને સાક્ષી આપો કે દેવે એને જ જીવતાંનો તથા મૂએલાંનો ન્યાયાધીશ ઠરાવેલો છે.

-પ્રેરિતોનાં કૃત્યો ૧૦:૪૨

પણ તું પોતાના ભાઈને કેમ દોષિત ઠરાવે છે ? અથવા તું પોતાના ભાઈને કેમ તુચ્છ ગણે છે ? કેમ કે આપણે સર્વને દેવના ન્યાયાસનની આગળ ઊભા રહેવું પડશે. - રૂમી ૧૪:૧૦

કેમકે બાપ કોઈનો ન્યાય ચૂકવતો નથી, પણ ન્યાય ચૂકવવાનું સઘળું કામ તેણે દીકરાને સોંપ્યું છે. - યોહાન ૫:૨૨

# કેવળ ખ્રિસ્ત દ્વારા જ ઉદ્ધાર

અને પરિપૂર્ણ થઈને તે પોતાની આજ્ઞા પાળનારા સર્વને સારું અનંત તારણનું કારણ થયો. – હેબ્રી ૫ :૯

બીજા કોઈથી તારણ નથી; કેમકે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી.

– પ્રેરિતોનાં કૃત્યો ૪:૧૨

માટે જેઓ એની મારફતે દેવની પાસે આવે છે, તેઓને સંપૂર્ણ રીતે તારવાને એ સમર્થ છે, કેમ કે એ તેઓને સારું મધ્યસ્થતા કરવાને સદાકાળ જીવતો રહે છે. – હેબ્રી ૭:૨૫

# કેવળ ખ્રિસ્ત દ્વારા જ ઉદ્ધાર

તેણે આપણે સારું પોતાનું સ્વાર્પણ કર્યું, કે જેથી સર્વ અન્યાયથી તે આપણો ઉદ્ધાર કરે, અને આપણને પવિત્ર કરીને પોતાને સારું ખાસ પ્રજા તથા સર્વ સારાં કામ કરવાને આતુર એવા લોકો તૈયાર કરે. -તીતસ ૨ :૧૪

કેમ કે ખોવાયેલું શોધવા તથા તારવા સારું માણસનો દીકરો આવ્યો છે.
-લુક ૧૯ :૧૦

અને ચદેવૃ બાપ જેણે આપણને પ્રકાશમાંના સંતોના વારસાના ભાગીદાર થવાને યોગ્ય કર્યા છે, તેની ઉપકારસ્તુતિ કરો. તેણે અંધકારના અધિકારમાંથી આપણને છોડાવ્યા તથા પોતાના પ્રિય પુત્રના રાજ્યમાં આણ્યા. તેનામાં આપણને ઉદ્ધાર, એટલે પાપોની માફી છે. -કોલોસી ૧ :૧૨-૧૪

# ખ્રિસ્તના લોહીથી થયેલું પ્રાયશ્ચિત

એનામાં, એના લોહી દ્વારા, એની કૃપાની સંપત પ્રમાણે આપણને ઉદ્ધાર એટલે પાપની માફી મળી છે. – એફેસી ૧:૭

તો ખ્રિસ્ત, જેણે સનાત આત્માથી પોતાના પંડનું દોષ વગરનું બલિદાન દેવને આપ્યું, તેનું રક્ત તમારા હૃદયને જીવતા દેવને ભજવા સારુ નિર્જીવ કામોથી કેટલું બધું વિશેષ શુદ્ધ કરશે? – હેબ્રી ૯:૧૪

પણ જેમ તે પ્રકાશમાં છે, તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ તો આપણને એકબીજાની સાથે સંગત છે, અને તેના પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે. – ૧ યોહાન ૧:૭

ત્યારે તેઓએ તેને પૂછ્યું, કે અમે દેવનાં કામ કરીએ તે સારું અમારે શું કરવું જોઈએ ? ઈસુએ તેઓને ઉત્તર આપ્યો, કે જેને તેણે મોકલ્યો છે તેના પર તમે વિશ્વાસ કરો, એ જ દેવનું કામ છે. –યોહાન ૬ :૨૮–૨૯

કેમ કે તમે કૃપાથી વિશ્વાસ દ્વારા તારણ પામેલા છો; અને એ તમારાથી નથી, એ તો દેવનું દાન છેઃ કરણીઓથી નહિ, રખેને કોઈ અભિમાન કરે. –એફેસી ૨ :૮,૯

કેમ કે જે કોઈ દેવથી જન્મેલું છે તે જગતને જીતે છે, અને જે જયે જગતને જીત્યું છે તે આપણે વિશ્વાસ છે. – ૧ યોહાન ૫ઃ૪

# ઈશ્વરની દયા

પણ યહોવાહની કૃપા તેના ભક્તો પર અનાદિકાળથી તે અનંતકાળ સુધી છે, અને તેમનાં સંતાનનાં સંતાનોની સાથે પોતાનું વિશ્વાસુપણું કાયમ રાખે છે.

- ગીતશાસ્ત્ર ૧૦૩ :૧૭

કેમ કે જેમ પૃથ્વીથી આકાશ ઊંચું છે.
તેમ તેના ભક્તો પર તેની કૃપા વિશાળ છે.

- ગીતશાસ્ત્ર ૧૦૩ :૧૧

ત્યારે આપણાં પોતાનાં કરેલાં ન્યાયીપણામાંના કૃત્યોથી નહિ, પણ તેની દયાથી પુનર્જન્મના સ્નાનથી તથા પવિત્ર આત્માથી [થયેલા] નવીનીકરણથી તેણે આપણને તાર્યા.

- તીતસ ૩ :૫

યહોવાહ કહે છે, આવો, આપણે વિવાદ કરીએ તમારાં પાપ જોકે લાલ ચવસ્ત્રના જેવાં હોય તોપણ તેઓ હિમ સરખાં શ્વેત થશે; જો તે કીરમજના જેવા રાતાં હોય, તો પણ તેઓ ઊન સરખાં થશે. - યશાયાહ ૧ :૧૮

આત્મા તથા કન્યા બન્ને કહે છે, કે આવ, જે સાંભળે છે તે એમ કહે, આવ. અને તે તરસ્યો હોય તે આવે; જે ચાહે તે જીવનનું પાણી મફત લે.
- પ્રકટીકરણ ૨૨ :૧૭

ઓ વૈતરું કરનારઓ તથા ભારથી લદાયલાઓ, સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ. - માત્થી ૧૧ :૨૮

# બધા જ લોકો ઈશ્વરના બાળકો નથી

એથી દેવનાં છોકરાં તથા શેતાનનાં છોકરાં ઓળખાઈ આવે છે જે કોઈ ન્યાયીપણું કરતો નથી, અને જે કોઈ પોતાના ભાઈ પર પ્રેમ રાખતો નથી તે દેવનો નથી.
-૧ યોહાન ૩ :૧૦

કેમ કે જેટલા દેવના આત્માથી દોરાય છે, તેટલા દેવના દીકરા છે. કેમ કે ફરીથી તમને ભય લાગે એવો દાસત્વનો આત્મા તમને મળ્યો નથી; પણ તમને દત્તકપુત્રપણાનો આત્મા મળ્યો છે, તેને લીધે આપમે આબ્બા, બાપ, એવી હાંક મારીએ છીએ.
-રૂમી ૮ :૧૪,૧૫

પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો.
- યોહાન ૧ :૧૨

જેઓ સવારે વહેલા ઊઠીને દારૂની પાછળ મંડે છે, ને દ્રાક્ષારસ પીને મસ્તાન બની જાય ત્યાં સુધી મોડી રાત સુધી બેસી રહે છે, તેઓને અફસોસ!

- યશાયાહ ૫ :૧૧

દેહનાં કામ તો ખુલ્લાં છે, એટલે વ્યભિચાર, અપવિત્રતા, લંપટપણું, મૂર્તિપૂજા, જાદુ, વેરભાવ, કજિયા કંકાસ, ઈર્ષા, ક્રોધ, ખટપટ, કુસંપ, પક્ષાપક્ષી, અદેખાઈ, છાટકાઈ, વિલાસ તથા એઓના જેવાં ચકામ્; જેમ પહેલાં મેં તમને ચેતાવ્યા હતા તેમ તેઓ વિષે હમણાં પણ ચેતાવું છું, કે જેઓ એવાં કામ કરે છે તેઓ દેવના રાજ્યનો વારસો પામશે નહિ.

- ગલાતી ૫ :૧૯-૨૧

# હૃદયની સચ્ચાઈ પૂરતી નથી

માર્ક ૧૦ :૧૭-૨૨

અને એ બહાર નીકળીને રસ્તે જતો હતો, ત્યારે એક જણ તેની પાસે દોડતો આવ્યો, ને તેણે તેની આગળ ઘૂંટણ ટેકવીને પૂછ્યું, કે ઉત્તમ ઉપદેશક, અનંતજીવનનો વારસો પામવા માટે હું શું કરું ? અને ઈસુએ તેને કહ્યું, કે તું મને ઉત્તમ કેમ કહે છે ? એક, એટલે દેવ, તે વિના કોઈ ઉત્તમ નથી. તું આજ્ઞાઓ જાણે છે, હત્યા ન કરવી, વ્યભિચાર ન કરવો, ચોરી ન કરવી, જૂઠી શાહેદી ન પૂરવી, ઠગાઈ ન કરવી, માબાપનું સન્માન કરવું. અને તેણે તેને કહ્યું, કે ઉપદેશક, એ સર્વ [આજ્ઞાઓ] હું નાનપણથી પાળતો આવ્યો છું. અને તેની તરફ જોઈને ઈસુને તેના પર હેત આવ્યું, ને તેણે તેને કહ્યું, કે તું એક વાત સંબંધી અધૂરો છે; તારું જે છે

તે જઈને વેચી નાખ, ને દરિદ્રીઓને આપી દે, ને આકાશમાં તને દોલત મળશે; અને આવ, મારી પાછળ ચાલ. પણ તે વાતને લીધે તેનું મોં ઊતરી ગયું ને ઉદાસ થઈને તે ચાલ્યો ગયો, કેમ કે તેની સંપત ઘણી હતી.

## છેતરાશો નહિ

શું તમે જાણતા નથી કે અધર્મીઓને દેવના રાજ્યનો વારસો મળશે નહિ? ભૂલ ન ખાઓ; વ્યભિચારીઓ, મૂર્તિપૂજકો, લંપાટો, વિષયીઓ, પુંમૈથુનીઓ, ચોરો, લોભીઓ, છાકટા નિંદકો તથા જુલમથી પૈસા પડાવનારા, એઓને દેવના રાજ્યનો વારસો મળશે નહિ. - ૧ કોરીંથી ૬ :૯,૧૦

તમને કોઈ નિરર્થક વાતોથી ન ભૂલાવે; કેમ કે એવાં કામને લીધે દેવનો કોપ આજ્ઞાભંગ કરનારા પર આવે છે. - એફેસી ૫ :૬

# પાપથી મરણ આવે છે

તને ખુશી થવું તથા હર્ખાવું ઉચિત હતું, કેમ કે આ તારો ભાઈ મૂઓ હતો, અને તે પાછો જીવતો થયો છે; અને ખોવાયેલો હતો, તે પાછો જડયો છે.

– લુક ૧૫ :૩૨

પછી દુર્વાસિના ગર્ભ ધરીને પાપને જન્મ આપે છે, અને પાપ પરિપકવ થઈને મોતને ઉપજાવે છે.

– યાકૂબ ૧ :૧૫

દૈહિક મન તે મરણ છે; પણ આત્મિક મન તે જીવન તથા શાંતિ છે.

– રૂમી ૮ :૬

તે માટે જેમ એક માણસથી જગતમાં પાપ પેઠું, ને પાપથી મરણ; અને સઘળાંએ પાપ કર્યું, તેથી સઘળાં માણસોમાં મરણનો પ્રચાર થયો.

– રૂમી ૫ :૧૨

તે પાસે આવીને ઠાઠડીને અડક્યો; એટલે ખાંધિયા ઊભા રહ્યા. તેણે કહ્યું, કે જુવાન, હું તને કહુ ંછું, કે ઊઠ, ત્યારે જે મૂએલો હતો તે બેઠો થયો અને બોલવા લાગ્યો. - લુક ૭ :૧૪,૧૫(અ)

અને હું જીવતં છું; હું મૂઓ પણ હતો, અને જુઓ, સદાકાળ જીવતો છું; અને મરણ તથા હાડેસની કુંચીઓ મારી પાસે છે. -પ્રકટીકરણ ૧ :૧૮

એમ બોલ્યા પછી તેણે ઊંચે સ્વરે પોકાર્યું, કે લાજરસ, બહાર આવ. ત્યારે જે મરી ગયેલો હતો તે કફનથી હાથે ને પગે વિંટાયેલો બહાર આવ્યો; અને તેના મોં પર રૂમાલ બાંધેલો હતો. ઈસુએ તેઓને કહ્યું, એનાં બંધન છોડી નાખો, અને તેને જવા દો. - યોહાન ૧૧ :૪૩,૪૪

## પુનર્નિયમ ૫ :૭-૨૧

મારી સંમુખ તારે કોઈ અન્ય દેવો ન હોય.

તું પોતાને સારું કોરેલી મૂર્તિ ન કર, ઉપર આકાશમાંની કે ભૂમિમાંની કે ભૂમિની તળેના પાણીમાંની કોઈ પણ ચીજની [પ્રતિમા] ન કર, તું તેઓની આગળ ન નમ, ને તેઓની સેવા ન કર.

યહોવાહ તારા દેવનું નામ તું વૃથા ન લે, કેમ કે જે કોઈ યહોવાહનું નામ વૃથા લે છે તેને તે નિર્દોષ ગણશે નહિ.

યહોવાહ તારા દેવે તને આજ્ઞા આપી તે પ્રમાણે સાબ્બાથ દિવસને પવિત્ર પાળવાને તું સંભાળ રાખ, છ દિવસ તું ઉદ્યોગ

કર ને તારું સઘળું કામ કર; પણ સાતમો દિવસ યહોવાહ તારા દેવનો સાબ્બાથ છે.

યહોવાહ તારા દેવે તને આજ્ઞા આપી તે મુજબ તારા બાપનું તથા તારી માનું તું સન્માન રાખ;

તું ખૂન ન કર.

તું વ્યભિચાર ન કર.

તું ચોરી ન કર.

તું તારા પડોશીની વિરુદ્ધ જૂઠી સાક્ષી ન પૂર.

તું તારા પાડોશનીની વહુ પર લોભ ન રાખ; અને તું તારા પાડોશીઓનું ઘર, તેનું ખેતર, કે તેનો દાસ, કે તેની દાસી, તેનો બળદ, કે તેનું ગધેડું કે તારા પાડોશીનું જે કંઈ હોય તે પર તું લોભ ન રાખ.

# તમે ઈશ્વરથી પોતાને ગુપ્ત રાખી શકતા નથી.

કેમકે તેની આંખો મનુષ્યના આચારવિચાર ઉપર છે, તે તેની સઘળી વર્તણૂંક જુએ છે.

દુષ્કર્મીઓ સંતાઈ શકે. એવો કોઈ અંધકાર કે મૃત્યુછાયા નથી.

–અયૂબ ૩૪:૨૧,૨૨

યહોવાહની દૃષ્ટિ સર્વ સ્થળે છે.

તે ભલા અને ભૂંડા પર લક્ષ રાખે છે. – નીતિવચનો ૧૫:૩

કેમ કે પ્રગટ નહિ કરાશે, એવું કંઈ છાનું નથી; અને જણાશે નહિ, તથા ઊઘાડું નહિ થશે, એવું કંઈ ગુપ્ત પણ નથી. –લુક ૮:૧૭

અને તેઓ સાર્વકાલિક શાસનમાં જશે, પણ ન્યાયીઓ સાર્વકાલિક જીવનમાં [જશે]
- માત્થી ૨૫ :૪૬

દુષ્ટો, એટલે દેવને ભૂલનાર, સઘળા લોકો શેઓલમાં જશે.
- ગીતશાસ્ત્ર ૯ :૧૭

માણસનો દીકરો પોતાના દૂતોને મોકલશે, ને તેઓ ઠોકર ખવડાવનારી બધી વસ્તુઓને તથા ભૂંડું કરનારાઓને તેનાં રાજ્યોમાંથી એકઠાં કરશે, અને તેઓને બળતી ભઠ્ઠીમાં નાખી દેશે, ત્યાં રડવું તથા દાંત પીસવું થશે.
- માત્થી ૧૩ :૪૧,૪૨

એથી આપણામાં પ્રેમ સંપૂર્ણ થયો છે, કે ન્યાયકાળે આપણને હિંમત રહે, કેમ કે જેવો તે છે, તેવો આપણે આ જગતમાં છીએ.

-૧ યોહાન ૪ :૧૭

એ માટે આપણે દરેકને પોતપોતાનો હિસાબ દેવને આપવો પડશે.

-રૂમી ૧૪ :૧૨

કેમ કે તેણે એક દિવસ નિર્માણ કર્યો છે કે જે દિવસે તે પોતાના નીમેલા માણસ દ્વારા જગતનો અદલ ઈનસાફ કરશે; જે વિષે તેણે તેને મૂએલામાંથી પાછો ઉઠાડીને સર્વને ખાતરી કરી આપી છે.

-પ્રેરિતોનાં કૃત્યો ૧૭ :૩૧

માટે એ તો ઈચ્છનારથી નહિ, અને દોડનારથી નહિ, પણ દયા કરનાર દેવથી થાય છે. - રૂમી. ૯:૧૬

દેવના અનિર્વાચ્ય દાનને માટે તેની સ્તુતિ થાઓ. - ૨ કોરંથી ૯:૧૫

દેવ ગર્વિષ્ઠોની વિરુદ્ધ છે, પણ તે નમ્ર માણસો પર કૃપા રાખે છે. - ૧ પીતર ૫:૫ (બ)

કેમકે તમે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા જાણો છો, કે તે ધનવાન છતાં તમારે લીધે દરિદ્રી થયો, એ માટે કે તમે તેની દરિદ્રતાથી ધનવાન થાઓ. - ૨ કોરંથી ૮:૯

પસ્તાવો કરો; કેમકે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે. - માત્થી ૩ :૨

માટે તમો પસ્તાવો કરો, ને ફરો, જેથી તમારાં પાપ ભૂંસી નાંખવામાં આવે; અને તમે પ્રભુની હજૂરમાંથી તાજગીના સમયો આવે.

- પ્રેરિતોનાં કૃત્યો ૩ :૧૯

કેમ કે દેવની ઈચ્છા પ્રમાણે થતો ખેદ, શોક નહિ, પણ તારણ ઉપજાવે એવો પસ્તાવો ઉત્પન્ન કરે છે, પણ સાંસારિક ખેદ મરણસાધક છે.

- ૨ કોરીંથી ૭ :૧૦

હું તેમને કહું છું, કે ના; જો તમે પસ્તાવો કરશો નહિ, તો તમે સર્વે તે જ પ્રમાણે નાશ પામશો. - લુક ૧૩ :૩

દુષ્ટ માણસો પોતાનો માર્ગ છોડે, ને અધર્મી માણસ પોતાના વિચારો તજી દે; અને યહોવાહ પાસે તે પાછો આવે, તો તે તેના પર કૃપા કરશે; અને યહોવાહ પાસે તે પાછો આવે, તો તે તેના પર કૃપા કરશે; અને આપણા દેવની પાસે ચઆવૃે કેમકે તે સંપૂર્ણ ક્ષમા કરશે. – યશાયાહ ૫૫ :૭

કેમકે જો તમે માણસોને તેઓના અપરાધ માફ કરો તો તમારો આકશમાંનો બાપ તમને પણ માફ કરશે. – માત્થી ૬ :૧૪

જુઓ, હું બારણા આગળ ઊભો રહીને ઠોકું છું; જો કોઈ મારી વાણી સાંભળીને બારણું ઉઘાડશે, તો હું તેની પાસે માંહે આવીને તેની સાથે જમીશ, ને તે મારી સાથે જમશે. – પ્રક્ટીકરણ ૩ :૨૦

ઉપરની વાતો પર ચિત્ત લગાડો, પૃથ્વી પરની વાતો પર નહિ.
- કોલોસી ૩ : ૨

જગત પર અથવા જગતમાંના વાનાં પર પ્રેમ ન રાખો. જો કોઈ જગત પર પ્રેમ રાખો તો તેનામાં પિતા પરનો પ્રેમ નથી. કેમકે જગતમાં જે સર્વ છે, એટલે દૈહિક વાસના તથા આંખોની લાલસા તથા જીવનનો અહંકાર તે પિતાથી નથી, પણ જગતથી છે. - ૧ યોહાન ૨ :૧૫, ૧૬

વળી, અંધારાનાં નિષ્ફળ કામોના સોબતીઓ ન થાઓ, પણ ઉલટું તેઓને વખોડો. - એફેસી ૫ :૧૧

ઈસુએ તેને ઉત્તર આપ્યો કે, હું તને ખચીત ખચીત કહું છું, જો કોઈ માણસ જન્મ પામ્યું ન હોય, તો તે દેવનું રાજ્ય જોઈ શકતુ નથી.

-યોહાન ૩ :૩

કેમકે વિનાશી બીજથી નહિ, પણ અવિનાશીથી દેવના જીવંત તથા સદાકાળ રહેનાર વચન વડે, તમને પુનર્જન્મ આપવામાં આવ્યો છો.

-૧ પીતર ૧ :૨૩

આપણે જાણીએ છીએ કે જે કોઈ દેવથી જન્મેલો છે તે પાપ કરતો નથી; પણ દેવથી જન્મ્યો છે તે તેને સંભાળે છે, અને દુષ્ટ તેને સ્પર્શ કરતો નથી.

-૧ યોહાન ૫ :૧૮

# પાપ સંબંધી મરેલા - ખ્રિસ્તમાં સજીવન કરાયેલા

ના, એવું ન થાઓ; આપણે પાપના સંબંધમાં મૂઆ, તો પછી એમાં કેમ જીવીએ ?
તેમ તમે પણ પોતાને પાપના સંબંધમાં મૂએલા, પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવના સંબંધમાં જીવતા, ગણો.

- રૂમી ૬ :૨,૧૧

જેઓ ખ્રિસ્તના છે, તેઓએ દેહને તેના વિષયો તથા ઈચ્છાઓ સુદ્ધાં વધસ્તંભે જડયો છે.

- ગલાતી ૫ :૨૪

એ માટે જો તમને ખ્રિસ્તની સાથે ઉઠાડવામાં આવ્યા હોય, તો જ્યાં ખ્રિસ્ત દેવને જમણે હાથે બેઠેલો છે ત્યાંની, એટલે ઉપરની, વાતો શોધો.

- કોલોસી ૩ :૧

કેમકે પાપનો મુસારો મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે. - રૂમી ૬ :૨૩

હું તમને ખચીત ખચીત કહું છું, કે જે મારાં વચન સાંભળે છે, અને મને મોકલનાર પર વિશ્વાસ કરે છે, તેને અનંતજીવન છે; તે અપરાધી નહિ ઠરશે, પણ મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યો છે.
-યોહાન ૫ :૨૪

અનંતજીવન એ છે કે તેઓ તને એકલા ખરા દેવને તથા ઈસુ ખ્રિસ્ત જેને તેં મોકલ્યો છે તેને ઓળખે. -યોહાન ૧૭ :૩

બાળકો, આપણે શબ્દથી નહિ, અને જીભથી નહિ, પણ કૃત્યમાં તથા સત્યમાં પ્રીતિ કરીએ, એથી આપણએ જાણીશું કે આપણે સત્યનાં છીએ, અને જે કોઈ બાબતમાં આપણું અંતઃકરણ આપણને દોષિત ઠરાવે છે; તે વિષે તેની આગળ આપણા અંતઃકરણ શાંત કરીશું.

–૧ યોહાન ૩ :૧૮, ૧૯

જેની પાસે મારી આજ્ઞાઓ છે, અને જે તેઓને પાળે છે, તે જ મારા પર પ્રેમ રાખે છે, અને જે મારા પર પ્રેમ રાખે છે, તેના પર મારો બાપ પ્રેમ રાખશે અને હું તેના પર પ્રેમ રાખીશ, અને તેની આગળ હું પોતાને પ્રગટ કરીશ.

– યોહાન ૧૪ :૨૧

હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો; પરંતુ હું જીવું છું; તોપણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે; અને હવે દેહમાં જે મારું જીવન તે દેવના દીકરા પરના વિશ્વાસથી જ છે; તેણે મારા પર પ્રેમ રાખ્યો, અને મારે સારું પોતાનું અર્પણ કર્યું. - ગલાતી ૨ :૨૦

તમારામાં મારો આનંદ રહે, અને તમારો આનંદ સંપૂર્ણ થાય, એ માટે મેં તમને એ વચનો કહ્યાં છે. - યોહાન ૧૫ :૧૧

તું મને જીવનનો માર્ગ જણાવશે.
તારી સંમુખ સંપૂર્ણ આનંદ છે.
તારા જમણા હાથમાં અનંતકાળ ટકનારાં સુખદાયક વાનાં છે.
- ગીતશાસ્ત્ર ૧૬ :૧૧

અને જ્યારે પ્રભુ ઈસુ સ્વર્ગમાંથી પોતાના પરાક્રમી દૂતો સાથે અગ્નિની જ્વાળામાં પ્રગટ થશે, ત્યારે તે તમો દુઃખ હન કરનારાઓને અમારી સાથે વિસામો આપેઃ તે વેળા જેઓ દેવને ઓળખતા નથી ને જેઓ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા માનતા નથી તેઓને તે સજા કરશે. તેઓ પ્રભુની હજૂરમાંથી તથા તેના મહિમાવાન સામર્થ્યથી [દૂર રહેવાની] શિક્ષા એટલે અનંતકાળનો નાશ ભોગવશે. - ૨ થેસ્સાલોનીકા ૧ઃ ૭-૯

શું તમે નથી જાણતા, કે જેની આજ્ઞા પાળવા સારું તમે પોતાને દાસ તરીકે સોંપો છો, એટલે જેની આજ્ઞા તમે પાળો છો, તેના દાસ તમે છો; ગમે તો મોતને અર્થે પાપના, અથવા ન્યાયીપણાને અર્થે આજ્ઞાપાલનના? - રૂમી ૬ :૧૬

માટે માણસોની આગળ જે કોઈ મને કબૂલ કરશે તેને હું પણ મારા આકાશમાંના બાપની આગળ કબૂલ કરીશ. પણ માણસોની આગળ જે કોઈ મારો નકાર કરશે, તેનો નકાર હું પણ મારા આકાશમાંના બાપની આગળ કરીશ. -માત્થી ૧૦:૩૨, ૩૩

જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, અને દેવે તેને મૂએલાંમાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ. કારણ કે ન્યાયીપણાને અર્થે અંતઃકરણથી વિશ્વાસ રાખવામાં આવે છે, ને તારણને અર્થે મોંથી કબૂલાત કરવામાં આવે છે. -રૂમી ૧૦:૯,૧૦

# શેતાન - આપણો સૌથી મોટો શત્રુ

ત્યાર પછી ઈસુનુ પરીક્ષણ શેતાનથી થાય એ માટે આત્મા તેને રાનમાં લઈ ગયો. ત્યારે ઈસુ તેને કહે છે, કે અરે શેતાન, આઘો જા; કેમ કે લખેલું છે, કે પ્રભુ તારા દેવનું ભજન કર ને તેની એકલાની જ સેવા કર. ત્યારે શેતાન તેની મૂકી જાય છે; અને જુઓ, દૂતોએ તેની પાસે આવીને તેની સેવા કરી.

-માત્થી ૪ :૧,૧૦,૧૧

શેતાનની કુયુક્તિઓની સામે તમે દઢ રહી શકો માટે દેવનાં સર્વ હથિયારો સજો.

-એફેસી ૬ :૧૧

સાવચેત થાઓ, જાગતા રહો; [કેમકે] તમારો વૈરી શેતાન ગાજનાર સિંહની પેઠે કોઈ મળે તેને ગળી જવાને શોધતો ફરે છે.

- ૧ પીતર ૫ :૮

ત્યાર પછી તે અધર્મી પ્રગટ થશે, પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે.

– ૨ થેસ્સાલોનીકી ૨ :૮

જે પાપ કરે છે તે શેતાનનો છે, કેમ કે શેતાન આરંભથી પાપ કરે છે. શેતાનનાં કામનો નાશ કરવા માટે દેવનો પુત્ર પ્રગટ થયો. –૧ યોહાન ૩ :૮

માટે તમે દેવને આધીન થાઓ; પણ શેતાનની સામા થાઓ, એટલે તે તમારી પાસેથી નાસી જશે. તમે દેવની પાસે જાઓ, એટલે તે તમારી પાસે આવશે. –યાકૂબ ૪ :૭,૮(બ)

પણ [પવિત્ર] આત્માનું ફળ પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણું, નમ્રતા તથા સંયમ છે.

–ગલાતી ૫:૨૨, ૨૩

જો તમે એક બીજા પર પ્રેમ રાખો, તો તેથી સર્વ માણસો જાણશે કે તમે મારા શિષ્યો છો.

–યોહાન ૧૩:૩૫

જો કોઈ કહે, કે હું દેવ પર પ્રેમ રાખું છું, પણ તે પોતાના ભાઈ પર દ્વેષ રાખે છે, તો તે જૂઠો છે; કેમ કે પોતાનો ભાઈ જેને તેણે જોયો છે તેના પર જો તે પ્રેમ રાખતો નથી, તો દેવ જેને તેણે જોયો નથી તેના પર તે પ્રેમ રાખી શકતો નથી.

–૧ યોહાન ૪ :૨૦

આઠ દહાડા પછી ફરીથી તેના શિષ્યો [ઘર] માં હતા; થોમા પણ તેઓની સાથે હતો; ત્યારે બારણાં બંધ કર્યાં છતાં, ઈસુએ આવીને વચમાં ઊભા રહીને કહ્યું કે, તમને શાંતિ થાઓ. પછી તે થોમાને કહે છે, કે તારી આંગળી અહીં સુધી પહોંચાડીને મારા હાથ જો; અને તારો હાથ લાંબો કરીને મારી કૂખમાં ઘાલ; અને અવિશ્વાસી ન રહે, પણ વિશ્વાસી થા. થોમાએ ઉત્તર આપ્યો, કે મારા પ્રભુ, અને મારા દેવ. – યોહાન ૨૦ :૨૬-૨૮

તેને આપણા અપરાધોને લીધે પરાધીન કરવામાં આવ્યો, અને આપણા ન્યાયીકરણને માટે તેને પાછો ઉઠાડવામાં આવ્યો. –રૂમી ૪ :૨૫

ત્યારથી માંડીને ઈસુ પોતાના શિષ્યોને જણાવવા લાગ્યો, કે હું યરૂશાલેમમાં જાઉં, ને વડીલો તથા મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓને હાથે ઘણું વેઠું, ને માર્યો જાઉં, ને ત્રીજે દહાડે પાછો ઊઠું, એ જરૂરનું છે. - માત્થી ૧૬ : ૨૧

હું તમને ખચીત ખચીત કહું છું કે એવી વેળા આવે છે, અને હમણાં આવી ચૂકી છે, કે જ્યારે મૂએલાંઓ દેવના દીકરાની વાણી સાંભળશે; અને સાંભળનારાં જીવતાં થશે. એથી તમે આશ્ચર્ય ન પામો; કેમકે એવી વેળા આવે છે કે જ્યારે જેઓ કબરમાં છે તેઓ સર્વ તેની વાણી સાંભળશે; અને જેઓએ સારાં કામ કર્યાં છે, તેઓ જીવનનું ઉત્થાન પામવા સારું અને જેઓએ ભૂંડા કામ કર્યાં છે, તેઓ દંડનું ઉત્થાન પામવા સારું, નીકળી આવશે.

- યોહાન ૫ : ૨૫, ૨૮, ૨૯

પસ્તાવાને સારું હું પાણીએ તમારું બાપ્તિસ્મા કરું છું ખરો, પણ જે મારી પાછળ આવનાર છે તે મારા કરતાં સમર્થ છે, ને તેનાં ચંપલ હું ઊંચકવા યોગ્ય નથી; તે તમારું બાપ્તિસ્મા આત્માએ તથા અગ્નિએ કરશે. – માત્થી ૩ :૧૧

પણ જેણે તમને તેડયા છે, તે જેવો પવિત્ર છે તેવા તમે પણ સર્વ પ્રકારનાં આચરણમાં પવિત્ર થાઓ. – ૧ પીતર ૧ :૧૫

એ માટે કે તે આપણે સારું એવું કરે, કે આપણે પોતાના શત્રુઓના હાથમાંથી છૂટકો પામીને, નિર્ભયતાથી આપણા આખા આયુષ્યભર તેની આગળ શુદ્ધતાથી તથા ન્યાયીપણાથી તેની સેવા કરીએ. – લુક ૧ :૭૪, ૭૫

પણ જો દેવનો આત્મા તમારામાં વસતો હોય, તો તમે દૈહિક નથી, પણ આત્મિક છો, પણ જો કોઈને ખ્રિસ્તનો આત્મા નથી, તો તે ચખ્રિસ્તૃ નો નથી.

–રૂમી ૮ :૯

તેઓ પ્રાર્થના કરી રહ્યા ત્યારે જે મકાનમાં તેઓ ભેગા થયા હતા તે હાલ્યું; તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને દેવની વાત હિંમતથી બોલવા લાગ્યા. –પ્રેરિતોનાં કૃત્યો ૪ :૩૧

પણ પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો; અને... પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો. –પ્રેરિતોના કૃત્યો ૧ :૮

વળી યહોવાહ કહે છે, મારે જ હાથે આ બધાંને ઉત્પન્ન કર્યા છે, એટલે તેઓ થયાં; પણ જે ગરીબ તથા નમ્ર હ્રદયનો છે, ને મારા વચનને લીધે ધ્રૂજે છે, તેની જ તરફ હું દષ્ટિ રાખીશ.
–યશાયાહ ૬૬ :૨

વહાલાઓ, તમારી કસોટી કરવાને સારું તમારા પર જે અગ્નિરૂપી દુઃખ પડે છે, તેમાં, જાણે તમને કંઈ નવું થયું હોય, એમ સમજીને આશ્ચર્ય ન પામો; પણ ચએને બદલૃ ખ્રિસ્તનાં દુઃખોના તમે ભાગીદાર છો, એને લીધે હરખાઓ; કે જેથી તેનો મહિમા પ્રગટ થાય ત્યારે તમે પણ બહુ ઉલ્લાસથી આનંદ કરો.
–૧ પીતર ૪ :૧૨, ૧૩

શાંતિદાતા દેવ શેતાનને વહેલો તમારા પગ તળે છૂંદી નંખાવશે.
-રૂમી ૧૬ :૨૦ (અ)

ન્યાયી માણસને માથે ઘણાં દુ:ખ આવે છે; પણ યહોવાહ તે સર્વમાંથી તેને છોડાવે છે.
-ગીતશાસ્ત્ર ૩૪ :૧૯

માણસ સહન ન કરી શકે એવું કંઈ પરીક્ષણ તમને થયું નથી. વળી દેવ વિશ્વાસુ છે, તે તમારી શક્તિ ઉપરાંત પરીક્ષણ તમારા પર આવવા દેશે નહિ; પણ તમે તે સહન કરી શકો, માટે પરીક્ષણ સાથે છૂટકાનો માર્ગ પણ રાખશે.
- ૧ કોરંથી ૧૦ :૧૩

જે જીતે છે તેને હું મારા રાજ્યાસન પર મારી સાથે બેસવા દઈશ, જેમ હું પણ જીતીને મારા બાપની સાથે તેના રાજ્યાસન પર બેઠેલો છું તેમ.

– પ્રકટીકરણ ૩ :૨૧

જે જીતે છે તેને એ [સઘળાં] નો વારસો મળશે; હું તેનો દેવ થઈશ, અને તે મારો પુત્ર થશે.

–પ્રકટીકરણ ૨૧ :૭

જે જીતે છે તેને એ જ પ્રમાણે ઊજળાં વસ્ત્ર પહેરાવવામાં આવશે; અને જીવનના પુસ્તકમાંથી તેનું નામ હું ભૂંસી નાખીશ નહિ, પણ મારા પિતાની આગળ તથા તેના દૂતોની આગળ હું તેનું નામ કબૂલ કરીશ.

– પ્રકટીકરણ ૩ :૫

પણ પરણેલાંઓને હું આજ્ઞા કરું છું, હું તો નહિ પણ પ્રભુ કરે છે, કે સ્ત્રીએ પોતાના પતિથી જુદા થવું નહિ. (પણ જો તે જુદી થાય તો તેણે ફરીથી પરણવું નહિ, અથવા તો પોતાના પતિની સાથે મેળાપ કરીને રહેવું); અને પતિએ પોતાની પત્નીનો ત્યાગ ન કરવો. –૧ કોરીંથી ૭ :૧૦,૧૧

પણ હું તમને કહું છું કે વ્યભિચારના કારણ વગર જે કોઈ સ્ત્રીને મૂકી દે, તે તેની પાસે વ્યભિચાર કરાવે છે; અને જે કોઈ તે મૂકી દીધેલીની જોડે લગ્ન કરે છે તે પણ વ્યભિચાર કરે છે. – માત્થી ૫ :૩૨

હું વહેલો આવું છું; તારું જે છે તેને તું વળગી રહે, કે કોઈ તારો મુગટ લઈ લે નહિ.
- પ્રકટીકરણ ૩ :૧૧

અને ત્યારે માણસના દીકરાની નિશાની આકાશમાં દેખાશે, ને ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે; અને માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમા સહિત તેઓ આકાશના મેઘ પર આવતો દેખાશે.
- માત્થી ૨૪ :૩૦

અને જો હું જઈને તમારે માટે જગા તૈયાર કરીશ. તો હું પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ [રહો].
- યોહાન ૧૪ :૩

# ખ્રિસ્તનું બીજીવારનું આવવું.

માત્થી ૧૬ :૨૭

કેમકે માણસનો દીકરો પોતાના બાપના મહિમાએ પોતાના દૂતો સુદ્ધાં આવશે, ત્યારે તે પ્રત્યેકને તેના કામ પ્રમાણે બદલો ભરી આપશે.

લુક ૧૨ :૪૦

તમે પણ તૈયાર રહો; કેમકે તમારા ધારવામાં નહિ હોય એવી ઘડીએ માણસનો દીકરો આવશે.

વહાલાઓ, હાલ આપણે દેવનાં છોકરાં છીએ, અને આપણે કેવાં થઈશું, તે હજી સુધી પ્રગટ થયું નથી. આપણે એટલું તો જાણીએ છીએ કે જ્યારે તે પ્રગટ થશે, ત્યારે તેના જેવાં આપણે થઈશુ; કેમ કે જેવો તે છે તેવા આપણે તેને જોઈશું.

- ૧ યોહાન ૩ :૨

# પ્રભુનો ઉધ્ધારનો માર્ગ

### *મારે એક ઉધ્ધારકની જરૂર છે*

કારણ કે સઘળાએ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે. **રોમનો ૩:૨૩**

પણ તમારા અપરાધો તમારી અને તમારા દેવની વચમાં ભિન્નતા કરતા આવ્યા છે. **યશાયા ૫૯:૨**

### *ખ્રિસ્ત મારે ખાતર મરણ પામ્યા*

કેમ કે ખ્રિસ્તે પણ એક વેળા પાપોને સારુ, એટલે ન્યાયીએ અન્યાયીઓને બદલે દુઃખ સહ્યું કે, જેથી તે આપણને દેવની પાસે પહોંચાડે. **૧ પિતર ૩:૧૮**

### *મારે મારાં પાપોનો પસ્તાવો કરવો છે*

જે માણસ પોતાનાં ઉલ્લંઘનો છુપાવે છે તેની આબાદી થશે નહિ; પણ જે કોઈ તેમને કબૂલ કરીને તેનો ત્યાગ કરે છે, તેઓ પર દયા કરવામાં આવશે. **નીતિવચનો ૨૮:૧૩**

માટે તમે પસ્તાવો કરો, અને ફરો, જેથી તમારાં પાપ ભૂંસી નાખવામાં આવે. **પ્રે.કૃ. ૩:૧૯ અ**

### *હું વિશ્વાસ કરીને ઈસુનો સ્વીકાર કરવા માગું છું*

પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો છે. **યોહાન ૧:૧૨**

### *મને મારા ઉધ્ધારની ખાતરી છે*

જેને દેવનો પુત્ર છે તેને જીવન છે.

**૧ યોહાન ૫:૧૨**

હું તમને ખચીત ખચીત કહું છું કે, જે મારાં વચન સાંભળે છે, અને મને મોકલનાર પર વિશ્વાસ કરે છે, તેને અનંતજીવન છે; તે અપરાધી નહિ ઠરશે, પણ મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યો છે.

**યોહાન ૫:૨૪**

Read booklets online or by App
www.wmp-readonline.org